# પીએચ.ડી. પ્રવેશ માર્ગદર્શિકા

## વર્ષ 2025-26

(બીજો તબક્કો)




## ગૂજરાત વિદ્યાપીઠ

(મહાત્મા ગાંધી દ્વારા ૧૯૨૦માં સ્થાપિત)

મહાત્મા ગાંધી પરિસર, આશ્રમ માર્ગ, અમદાવાદ-380009

# પ્રતીક

ગૂજરાત વિદ્યાપીઠનું પ્રતીક એક ખીલેલું કમળનું ફૂલ છે. તેમાં દેવનાગરી લિપિમાં લખેલું છે **"સા વિદ્યા યા વિમુક્તયે"** એટલે કે જ્ઞાન એ છે જે (આપણને) મુક્ત કરે છે. અરબીમાં લખેલું છે "અલ હિકમતો ઝાલ્લતૂલ મોમિને ફહૈસો વજદહા અહક્કો બેહા." એટલે તમામ જ્ઞાનને આપણી ગુમ થયેલી વસ્તુ ગણીને વગર સંકોચે તે લેવું.

આ પ્રતીકમાં એક વડનું વૃક્ષ છે જે વૃદ્ધિ દર્શાવે છે. ત્યાં ચંદ્ર પણ છે જે સૌંદર્ય, શાંતિ અને વિકાસનું પ્રતીક છે. કમળ બિન-આસક્તિ, પવિત્ર ભાવના દર્શાવે છે. વર્તુળમાં બંને બાજુના દીવા જ્ઞાનનું પ્રતીક છે.

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના સ્વતંત્રતા સંબંધિત કેળવણી માટે કરવામાં આવી હતી. રાજકીય સ્વતંત્રતાનો હેતુ કામચલાઉ હતો પરંતુ આત્મમુક્તિ અને જ્ઞાન માટેની નિષ્ઠા એ આપણા કાયમી આદર્શો છે. આ ભક્તિ કમળની અનાસક્તિની ભાવના સાથે વટવૃક્ષ અને ચંદ્રની જેમ વધતી રહેવી જોઈએ.

**અસ્વીકરણ (Disclaimer)**


ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસક્રમો માટે નોંધણી કરાવનાર ઉમેદવારોને સુવિધા હેતુ સંસ્થાએ આ પ્રવેશ માર્ગદર્શિકા યુ.જી.સી.ના અધ્યાદેશો અને ગૂજરાત વિદ્યાપીઠના નિયમોને આધીન સંકલિત કરી છે. આ પ્રવેશ માર્ગદર્શિકા તૈયાર કરવા માટે મહત્તમ કાળજી લેવામાં આવી છે. કોઈપણ વિસંગતતાના કિસ્સામાં યુ.જી.સી.ના અધ્યાદેશો અને ગૂજરાત વિદ્યાપીઠના નિયમોને આખરી માનવામાં આવશે.

**કુલસચિવ,**
**ગૂજરાત વિદ્યાપીઠ**

# ગૂજરાત વિદ્યાપીઠ

(ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી)

(મહાત્મા ગાંધીજી દ્વારા 1920માં સ્થાપિત)



ગાંધીજીએ 1920માં અસહકારનું દેશવ્યાપી આંદોલન શરૂ કર્યું હતું. આ આંદોલનના એક ભાગ રૂપે એમણે અંગ્રેજી શાળા-કૉલેજોના બહિષ્કારને વિશેષ સ્થાન આપ્યું હતું. એમને તો અહિંસક સંઘર્ષની સાથે દેશની નવરચના પણ કરવી હતી. એટલે ગાંધીજીએ એકાદશ વ્રતોની જેમ રચનાત્મક કાર્યક્રમો પણ આપ્યા. આ કાર્યક્રમોમાં રાષ્ટ્રીય શિક્ષણ મહત્ત્વપૂર્ણ બની રહ્યું. ગાંધીજીએ અંગ્રેજી શિક્ષણના બહિષ્કારની હાકલની સાથે રાષ્ટ્રીય વિદ્યાપીઠના નિર્માણ સારુ હકારાત્મક વાતાવરણ ખડું કર્યું. પરિણામે, ઈ.સ 1920માં ગાંધીજીના હસ્તે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. ગાંધીજી કેળવણી થકી જનજાગૃતિ અને નવસર્જન ઇચ્છતા હતા. તેમણે ગૂજરાત વિદ્યાપીઠ સંલગ્ન ગુજરાત મહાવિદ્યાલયના ઉદ્ઘાટન પ્રવચનમાં કહ્યું હતું કે, 'મેં તો કેવળ મંત્ર આપ્યો છે. એક વણિકપુત્ર જો કરી શકતો હોય તો મેં ઋષિનું કામ કર્યું છે.' એક શતાબ્દીનો ગૌરવશાળી ઈતિહાસ ધરાવનાર ગૂજરાત વિદ્યાપીઠ આજેય અડીખમ રહીને ગાંધીવિચાર આધારિત કેળવણી આપે છે. ત્રણ એચ - હેડ, હેન્ડ અને હાર્ટ - મસ્તક, હાથ અને હૈયા - ના વિકાસ થકી વિદ્યાર્થીઓની સર્વાંગી કેળવણી કરે છે.

ગૂજરાત વિદ્યાપીઠને UGC (યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન) દ્વારા 1963થી ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગૂજરાત વિદ્યાપીઠની શરૂઆત રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા તરીકે કરવામાં આવી હતી. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય મહાત્મા ગાંધીજી દ્વારા આપવામાં આવેલા આદર્શો અનુસાર દેશના નવસર્જન સાથે જોડાયેલી પહેલ માટે ચારિત્ર્યવાન, ઊર્જાવાન અને રાષ્ટ્રને સમર્પિત કાર્યકરોને તૈયાર કરવાનો છે.

તદનુસાર, ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણ પ્રણાલીમાં સામુદાયિક કાર્ય, છાત્રાલયજીવન, સમાજસેવા, સમૂહજીવન, ઉપાસના, સાદગીપૂર્ણ અને સ્વાવલંબી જીવન, કાર્યાનુભવ અને ક્ષેત્રકાર્ય, શ્રમ અને સફાઈ, કાંતણ અને ઉદ્યોગ-કાર્યમાં સહભાગિતાનો સમાવેશ થાય છે. શિક્ષણના કાર્યક્રમને ગ્રામીણ ઉત્થાનની રાષ્ટ્રીય જરૂરિયાતો સાથે જોડવામાં આવ્યો છે,

જેથી સમાજના પાયાનાં સ્તરો સુધી શિક્ષણને પ્રોત્સાહન મળે. ગૂજરાત વિદ્યાપીઠની નિસબત એ છે કે શિક્ષણનાં તમામ પાસાંમાં ગાંધીવિચાર અને મૂલ્યોને વિકસાવવા માટે શિક્ષણનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રયોગો હાથ ધરવા.

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી તરીકે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, મોરારજી દેસાઈ, રામલાલ પરીખ, ડૉ. સુશીલા નૈયર, નવીનચંદ્ર બારોટ, નવલભાઈ શાહ, રવીન્દ્ર વર્મા, નારાયણ દેસાઈ, ઇલા ભટ્ટ કાર્યરત હતાં. હાલમાં, આચાર્ય દેવવ્રતજી કુલાધિપતિશ્રી તરીકે કાર્યરત છે.

**ધ્યેયો:**

1. વિદ્યાપીઠનું મુખ્ય કામ મહાત્મા ગાંધીજીએ આપેલા આદર્શો પ્રમાણે દેશનું નવઘડતર કરવાને સારુ ચાલતી પ્રવૃત્તિઓને અર્થે ચારિત્ર્યવાન, શક્તિ-સંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.
2. વિદ્યાપીઠના શિક્ષકો અને સંચાલકો અહિંસા અને સત્યને અવિરોધી એવાં જ સાધનો સ્વીકારનારા અને તેને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હશે.
3. વિદ્યાપીઠ તરફથી ચાલતી તથા તેણે માન્ય કરેલી સંસ્થાઓના સંચાલકો અને શિક્ષકો અસ્પૃશ્યતાને કલંકરૂપ માનનારા અને તેનું નિવારણ કરવા પ્રયત્નશીલ હશે અને કોઈ પણ બાળક કે બાળાને અસ્પૃશ્ય હોવાને કારણે બહાર રાખવામાં કે તેને દાખલ કર્યા પછી તેની તરફ નોખી વર્તણૂક રાખવામાં નહિ આવે.
4. વિદ્યાપીઠને અંગે કામ કરનારો શિક્ષકવર્ગ, સંચાલકો તથા માન્ય કરેલી સંસ્થાઓ વગેરે રેંટિયાની પ્રવૃત્તિમાં માનનારા અને અનિવાર્ય કારણ સિવાય નિયમિત રીતે કાંતનારા અને નિરંતર ખાદી પહેરનારા હશે.
5. વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ દેવામાં આવશે અને બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે. સમજૂતી : બીજી ભાષાઓ શીખવતાં તે જ ભાષાને વાપરવામાં બાધ નહિ ગણાય.
6. વિદ્યાપીઠમાં રાષ્ટ્રભાષા હિંદી-હિંદુસ્તાનીને આવશ્યક સ્થાન હશે.
   નોંધ : હિંદી-હિંદુસ્તાની એ ભાષા કે જે ઉત્તરમાં સામાન્ય હિંદુ-મુસલમાન બોલે છે અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખે છે.
7. વિદ્યાપીઠમાં ઔદ્યોગિક શિક્ષણને બૌદ્ધિક શિક્ષણના જેટલું જ મહત્ત્વ આપવામાં આવશે અને રાષ્ટ્રના પોષક જે જે ઉદ્યોગો છે, તેને સ્થાન આપવામાં આવશે, બીજાને નહિ.
8. ભારતવર્ષનો ઉત્કર્ષ, શહેરો ઉપર નહિ પણ ગામડાંઓ ઉપર અવલંબે છે, તેથી વિદ્યાપીઠના મોટા ભાગના દ્રવ્યનો અને વિદ્યાપીઠના શિક્ષકોનો મુખ્ય ઉપયોગ ગામડાંમાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રચાર કરવામાં થશે.
9. કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ આપવામાં આવશે.
10. વિદ્યાપીઠની નીચે ચાલતી સંસ્થાઓમાં બધા પ્રચલિત ધર્મોને વિષે સંપૂર્ણ આદર હશે અને વિદ્યાર્થીઓના આત્મવિકાસને અર્થે ધર્મનું જ્ઞાન, અહિંસા અને સત્યને દૃષ્ટિમાં રાખીને આપવામાં આવશે.
11. પ્રજાના શારીરિક વિકાસને અર્થે વ્યાયામ અને અંગમહેનતની તાલીમ વિદ્યાપીઠમાં આવશ્યક ગણાશે.

# કુલપતિની કલમે



વહાલા મિત્રો,

અંગ્રેજી શાસનમાંથી સ્વતંત્રતા મેળવવાની ચળવળના ભાગરૂપે 1920માં મહાત્મા ગાંધીજી દ્વારા સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠમાં તમને આવકારતાં હું ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું.

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાની અમૂલ્ય ક્ષણે મહાત્મા ગાંધીજીએ આ કાર્યની તુલના "ઋષિકાર્ય" (એક પવિત્ર કાર્ય) સાથે કરી હતી. આના પરથી સ્પષ્ટ થાય છે કે, મહાત્મા 'માતૃભૂમિની સેવાને પવિત્ર કાર્ય તરીકે' વિચારતા હતા. તે ક્ષણે જે સંકલ્પ અને ઉદ્દેશ્યોની કલ્પના કરવામાં આવી હતી તે પણ 'રાષ્ટ્રવાદની ભાવનામાં રાષ્ટ્રની સેવા'ની નેમને ગુંજવે છે. તેના ઉદ્દેશ્યમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, ગૂજરાત વિદ્યાપીઠ યુવાનોને આત્મસન્માન સાથે સશક્ત બનાવવા અને દેશ અને સમાજસેવા માટે પ્રતિબદ્ધ બનાવવા માટે કાર્યરત રહેશે. તેના 104 વર્ષના ગૌરવવંતા ઇતિહાસમાં, ગૂજરાત વિદ્યાપીઠે તેના પાયામાં મહાત્મા ગાંધીજી દ્વારા સૂચિત હેતુ અને ઉદ્દેશ્યોનું સારી રીતે પાલન કર્યું છે.

સાદગીપૂર્ણ જીવન અને ઉચ્ચ વિચારસરણીના ગાંધીવાદી મૂલ્યોના પાલન ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠમાં કેળવણીમાં ખાસ કરીને ચારિત્ર-નિર્માણ અને યુવાનોના સર્વાંગી વિકાસનાં પાસાંને પ્રાધાન્ય આપવામાં આવે છે કે, જેથી વિદ્યાર્થીઓ સ્નાતક થયા પછી રોજગાર-નિર્માણની દિશામાં પોતાનો સ્વતંત્ર રોજગાર વિકસાવવા સક્ષમ બની શકે છે. ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીઓમાં પ્રતિબદ્ધતા, સમાજસેવાની ભાવના અને સમગ્ર પર્યાવરણની જાળવણી અને સંવર્ધનના ગુણો વિકસાવવાની પણ કાળજી લે છે. મૂળભૂત રીતે, ઉચ્ચ શિક્ષણ સમાજની સુખાકારી, જ્ઞાનનિર્માણ અને પ્રવર્તમાન જ્ઞાન-પ્રણાલીની જાળવણીને અસર કરતા મુદ્દાઓને સંબોધે છે. ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીને સમાજ અને માતૃભૂમિ પ્રત્યેની તેમની જવાબદારીઓ પ્રત્યે જાગૃત બનાવવા માટે તમામ કાળજી લે છે. ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજના, સામાજિક જોડાણ શિબિરો, ઉદ્યોગ જોડાણ જેવી પ્રવૃત્તિઓમાં સામેલ કરી સમયની માંગ અનુરૂપ યોગ્ય બનાવવા, વિકસાવવા કવાયત કરે છે.

વિદ્યાપીઠનું હરિયાળું પરિસર શૈક્ષણિક અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓથી સભર અને ગતિશીલ રહે છે જે વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો, વિદ્વાન શિક્ષકો અને પ્રતિબદ્ધ સેવકો સાથે જોડાયેલા રાખે છે. અમે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) અનુસાર નિયમિત ધોરણે વર્ગખંડમાં શિક્ષણ, સ્વાધ્યાય, વિસ્તરણ અને સંશોધન કાર્ય પર ભાર આપીએ છીએ.

ગૂજરાત વિદ્યાપીઠમાં વિવિધ સ્નાતક, સ્નાતકોત્તર અને અનુસ્નાતક તથા પીએચ.ડી.ના અભ્યાસક્રમો ચાલે છે, જ્યાં વિદ્યાર્થીને બહુશાખીય, મૂલ્યવર્ધિત અને કૌશલ્યવર્ધન અભ્યાસક્રમોની વિશાળ શ્રેણીમાંથી વિવિધ પસંદગી મળે છે.

ઘરેણારૂપ ગ્રંથાલય, પ્રકાશન પ્રવૃત્તિ, સંગ્રહાલયો, પુરાતત્ત્વ મંદિર, ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાન, વિદ્યાર્થીઓને બૌદ્ધિક ક્ષિતિજના વિસ્તરણ માટે તક પ્રદાન કરે છે. વળી, શિરમોર સ્નાનાગાર, રમતગમત સંકુલ, સ્વાસ્થ્ય સુવિધા હેતુ આરોગ્ય કેન્દ્ર, સભાગૃહ અને મંડપમ્ સાંસ્કૃતિક અભિવ્યક્તિ માટે મંચ પ્રદાન કરે છે. જે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ, વ્યક્તિત્વ વિકાસની તક ઉપલબ્ધ કરાવે છે.

**તારીખ : 20/05/2025**
**સ્થળ : અમદાવાદ**

**ડૉ. હર્ષદ એ. પટેલ**
**કુલપતિ**

# પ્રવેશ કાર્યક્રમ - 2025

## પ્રવેશ પ્રક્રિયાની વિગતવાર અનુસૂચિ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| **૧. ઓનલાઈન પ્રવેશ અરજી શરૂ થવાની તારીખ** | : | 29/07/2025 |
| **૨. ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ** | : | 02/08/2025 (સાંજે 5:00 વાગ્યા સુધી) |
| **૩. જૂથચર્ચા અને રૂબરૂ મુલાકાત (GDPI)** | : | 04/08/2025, સોમવાર (બપોરે 03:00 વાગ્યે) |
| **૪. પ્રવેશ પાત્રતા** | : | (1) NET with JRF<br>(2) NET for Assistant Professor without JRF<br>(1 Year Validity)<br>(3) NET for Ph.D. (1 Year Validity) |
| **૫. પ્રવેશ અરજી પ્રક્રિયા ફી** | : | રૂ. 750/- (નૉન-રિફંડેબલ) |

**અસ્વીકરણ :**

કેન્દ્ર કે રાજ્ય સરકાર કે તેના વિભાગોના જાહેરનામા કે પ્રતિકૂળ સંજોગોને આધીન સમયપત્રમાં ફેરફારને અવકાશ છે.

**અરજી પ્રક્રિયામાં અનુસરવાનાં પગલાં:**

1. **www.gujaratvidyapith.org** એડમિશન પોર્ટલ પર તમારા ઈમેઇલ (Gmail) એડ્રેસ સાથે તમારી નોંધણી કરો. અરજી કરવા માટેની લીંક **https://gujaratvidyapith.org/admission/**
2. અરજી ફોર્મમાં જરૂરી સંપૂર્ણ માહિતી ભરો.
3. અરજદારના પાસપોર્ટ સાઇઝના ફોટાની સ્કેન કરેલ / ડિજિટલ કોપી અને આધાર કાર્ડ અપલોડ કરવાના રહેશે.
4. અરજી ફોર્મ સબમિટ કરો.
5. ઓનલાઇન માધ્યમ દ્વારા પ્રવેશ પ્રક્રિયા ફી ચૂકવો.
6. ભરેલ અરજી ફોર્મ તપાસો અને કન્ફર્મ બટન દબાવીને તેને જમા કરાવો.
7. અરજી નંબર અને ફોર્મનો રજિસ્ટર્ડ ઈમેઇલ આઈડી પર ઈમેઇલ આવશે.
8. તમે તમારા લોગીન આઈડી દ્વારા એપ્લિકેશન ફોર્મ ડાઉનલોડ કરી શકો છો.

**અરજી માટેના જરૂરી પ્રાથમિક ડોક્યુમેન્ટસ:**

1. અરજદારનું ઈમેઇલ (Gmail) આઈડી
2. અરજદારના પાસપોર્ટ સાઇઝના ફોટાની સ્કેન કરેલ / ડિજિટલ કોપી
3. અરજદારનું આધારકાર્ડ
4. NET પરીક્ષા ગુણપત્ર

## A. પીએચ.ડી. માટે વિષયવાર ઉપલબ્ધ બેઠકો*

| પીએચ.ડી. વિદ્યાર્થી સંખ્યાનું અનામત મુજબ વિવરણ - 2025 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિષય | Total | SC | ST | OBC | EWS | UR |
| | | | 15% | 7.50% | 27% | 10% | |
| 1 | ગુજરાતી | 5 | 1 | 0 | 1 | 1 | 2 |
| 2 | हिन्दी | 1 | 1 | 0 | 0 | 0 | 0 |
| 3 | અર્થશાસ્ત્ર | 10 | 1 | 1 | 3 | 1 | 4 |
| 4 | ઈતિહાસ | 7 | 1 | 1 | 1 | 1 | 3 |
| 5 | સમાજશાસ્ત્ર | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| 6 | સમાજકાર્ય | 2 | 0 | 0 | 0 | 1 | 1 |
| 7 | શિક્ષણશાસ્ત્ર | 11 | 2 | 1 | 3 | 1 | 4 |
| 8 | શારીરિક શિક્ષણ | 3 | 0 | 0 | 0 | 1 | 2 |
| 9 | માઇક્રોબાયોલોજી | 6 | 1 | 0 | 1 | 1 | 3 |
| 10 | કોમ્પ્યૂટર | 1 | 0 | 0 | 0 | 0 | 1 |
| 11 | ગ્રામ વ્યવસ્થાપન | 2 | 0 | 0 | 1 | 0 | 1 |

***બેઠકોમાં ફેરફાર થઈ શકે છે.**

### 1. પીએચ.ડી. અભ્યાસ માટે લાગુ પડતા નિયમો:

(1) Regulation: યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (પીએચ.ડી. ડિગ્રી પુરસ્કાર માટે લઘુત્તમ ધોરણો અને પ્રક્રિયા) નિયમન, 2022

(2) Rules: ગૂજરાત વિદ્યાપીઠ (પીએચ.ડી.ની પદવી માટે માટેના ધોરણો કરવાની પ્રક્રિયા) વિનિયમો, 2022

(3) UGCના પત્ર ક્રમાંક No.F.4-1(UGC-NET Review Committee)/2024(NET)/140648, March 27, 2024/7 चैत्र 1946)

(4) ગૂજરાત વિદ્યાપીઠ અને UGC સાથેનો તારીખ ૧૩-૧૧-૨૦૨૪નો MoU.

## 2. પીએચ.ડી. પ્રવેશ પાત્રતા માટેના માપદંડ:

(1) જે ઉમેદવારોએ 4 વર્ષ/8 સેમેસ્ટરના સ્નાતક ડિગ્રી પ્રોગ્રામ પછી 1 વર્ષ/2 સેમેસ્ટરનો માસ્ટર ડિગ્રી પ્રોગ્રામ અથવા 3 વર્ષના સ્નાતક ડિગ્રી પ્રોગ્રામ પછી 2 વર્ષ/4 સેમેસ્ટરનો માસ્ટર ડિગ્રી પ્રોગ્રામ અથવા સંબંધિત કાયદાકીય નિયમનકારી સંસ્થા દ્વારા માસ્ટર ડિગ્રીની સમકક્ષ જાહેર કરાયેલ લાયકાત, ઓછામાં ઓછા 55 % ગુણ સાથે અથવા જ્યાં પણ ગ્રેડિંગ સિસ્ટમ અનુસરવામાં આવે છે ત્યાં પોઇન્ટ સ્કેલમાં તેના સમકક્ષ ગ્રેડ સાથે ઉત્તીર્ણ કરેલ છે.

**અથવા** મૂલ્યાંકન અને માન્યતા એજન્સી દ્વારા માન્યતા પ્રાપ્ત વિદેશી શૈક્ષણિક સંસ્થામાંથી સમકક્ષ લાયકાત જે શૈક્ષણિક સંસ્થાના ગુણવત્તા અને ધોરણોનું મૂલ્યાંકન, માન્યતા અથવા ખાતરી કરવા માટે તેના દેશમાં કાયદા હેઠળ સ્થાપિત અથવા સમાવિષ્ટ, સત્તા દ્વારા માન્ય, માન્યતા પ્રાપ્ત અથવા અધિકૃત છે.

**જોકે** 4 વર્ષ/8 સેમેસ્ટરના સ્નાતક ડિગ્રી પ્રોગ્રામ પછી પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારે ગ્રેડિંગ સિસ્ટમનું પાલન કરવામાં આવે ત્યાં પોઇન્ટ સ્કેલ પર કુલ અથવા તેના સમકક્ષ ગ્રેડમાં ઓછામાં ઓછા 75% ગુણ હોવા જોઈએ. UGCના સમય સમય પરના નિર્ણય મુજબ SC/ST/OBC (નોન-ક્રીમી લેયર)/ડિફરન્ટલી-એબ્લડ, આર્થિક રીતે નબળા વિભાગ (EWS) અને અન્ય શ્રેણીના ઉમેદવારો માટે 5% ગુણ અથવા તેના સમકક્ષ ગ્રેડની છૂટછાટ મંજૂર કરી શકાય છે.

(2) UGCના પત્ર ક્રમાંક No.F.4-1(UGC-NET Review Committee)/2024(NET)/140648, March 27, 2024/7 चैत्र 1946) ની જાહેર સૂચનાઓ મુજબ NET ધરાવતા ઉમેદવારો ઈન્ટરવ્યુ માટે પાત્ર છે.

## 3. અનામત નીતિ:

ભારત સરકાર દ્વારા નિર્ધારિત નિયમો અનુસાર ચોક્કસ શ્રેણીઓના ભારતીય નાગરિકોને તેમના માટે અનામત રાખવામાં આવેલી બેઠકો હેઠળ પ્રવેશ આપવામાં આવે છે. શ્રેણીઓ અને અનામતની મર્યાદા નીચે મુજબ છે:

- અનુસૂચિત જાતિ (SC) - 15% બેઠકો.
- અનુસૂચિત જાતિ (ST) - 7.5% બેઠકો.
- અન્ય પછાત વર્ગ (નોન-ક્રિમી લેયર - OBC-NCL)- 27%
- આર્થિક રીતે નબળા વર્ગ (EWS) – 10%
- અપંગ વ્યક્તિઓ (PwD) - 5% બેઠકો.

## 4. પ્રવેશ માટેની પ્રક્રિયા:

UGCના પત્ર ક્રમાંક No.F.4-1(UGC-NET Review Committee)/2024(NET)/140648, March 27, 2024/7 चैत्र 1946) ની જાહેર સૂચનામાં નીચે મુજબ દર્શાવ્યા મુજબ પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે.

1. Category-1 (NET - Award of JRF and qualified for Assistant Professor) – જે ઉમેદવાર NETની પરીક્ષા JRF માટે ઉત્તીર્ણ કરી છે તેવા ઉમેદવારોને સીધા ઈન્ટરવ્યુથી 50% બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે. ત્યારબાદ બાકી રહેતી બેઠકોને Category-2 અને Category-3ની મેરીટ યાદીથી ભરવામાં આવશે.

2. Category-2 (NET - Qualified for Assistant Professor and admission to Ph.D.) & Category-3 (NET - Admission to Ph.D. only) – જે ઉમેદવારોએ ફક્ત આસિસ્ટન્ટ પ્રોફેસર માટે NET(Category-2) ની પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય તેમજ જે ઉમેદવારોએ ફક્ત Ph.D. (Category-3) માટે NETની પરીક્ષા ઉત્તીર્ણ કરી હોય તેવા ઉમેદવારોના NETની પરીક્ષાના ગુણના 70% અને ઈન્ટરવ્યુના 30% પ્રમાણે ગણી મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે. ઉપરોક્ત Category-2 અને Category-3ના NETની પરીક્ષાના ગુણ એક વર્ષ માટે જ માન્ય ગણાશે તે મુજબ ડિસેમ્બર-2024 અથવા જૂન/જુલાઇ 2025 ની NETની પરીક્ષા ઉત્તીર્ણ થનાર જ અરજી માટે લાયક ગણાશે.
3. NET-JRFની ખાલી રહેલી બેઠકો પર Category-2 અને Category-3ના ઉમેદવારોને મેરીટ અને અનામત નીતિ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

**સૂચનાઓ:**

1. UGC No.F.4-1(UGC-NET Review Committee)/2024(NET)/140648, March 27, 2024/7 चैत्र 1946) ની જાહેર સૂચના મુજબ NET ધરાવતા ઉમેદવારો ઈન્ટરવ્યુ માટે પાત્ર છે.
2. અંતિમ પ્રવેશ પછી પણ, જો કોઈપણ તબક્કે, શૈક્ષણિક લાયકાત અથવા અન્ય માહિતી અધૂરી અથવા ખોટી રીતે રજૂ કરેલી જણાશે તો પ્રવેશ રદ કરવામાં આવશે.
3. અરજી ફોર્મ ભરતી વખતે ઉમેદવારે નીચેના દસ્તાવેજો PDF ફોર્મેટમાં ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. અરજી ફોર્મ ભર્યા પછી કોઈપણ દસ્તાવેજોની હાર્ડકોપી ઓફિસમાં મોકલવી નહીં. પ્રવેશ મેળવ્યા પછી ઉમેદવારે નીચેના દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત નકલો વિભાગમાં જમા કરાવાની રહેશે.
   (1) સ્નાતકની માર્કશીટ (B.A./B.Com./B.Sc., વગેરે)
   (2) અનુસ્નાતકની માર્કશીટ (M.A./M.Com./M.Sc., વગેરે)
   (3) UGC-NET/UGC-CSIR નું પ્રમાણપત્ર
   (4) SC, ST, OBC (નોન-ક્રીમી લેયર), આર્થિક રીતે નબળા વર્ગ (EWS)નું પ્રમાણપત્ર
   (5) વિકલાંગ વ્યક્તિઓનું પ્રમાણપત્ર (PWD)
   (6) આધાર કાર્ડ
   (7) NoC (પાર્ટ ટાઇમ મોડ માટે)

**5. કાર્યક્રમનો સમયગાળો:**

(1) પીએચ.ડી. કાર્યક્રમ ઓછામાં ઓછા ત્રણ (3) વર્ષનો રહેશે, જેમાં કોર્સ વર્કનો સમાવેશ થાય છે, અને પીએચ.ડી. કાર્યક્રમમાં પ્રવેશની તારીખથી મહત્તમ છ (6) વર્ષનો રહેશે.

(2) મહિલા પીએચ.ડી. વિદ્યાર્થિનીને પીએચ.ડી. કાર્યક્રમના સમગ્ર સમયગાળા દરમિયાન 240 દિવસ સુધીની પ્રસૂતિ રજા/બાળ સંભાળ રજા આપી શકાય છે.

## 6. ફી માળખું:

પીએચ.ડી. પ્રોગ્રામ માટેની ફી પ્રતિ સેમેસ્ટર વિદ્યાપીઠના મેનેજમેન્ટ બોર્ડના ઠરાવ મુજબ રહેશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી પ્રતિ સેમેસ્ટર ફી નીચે મુજબ રહેશે:- રકમ રૂપિયામાં (INR)

| Fees Per Semester | | |
|---|---|---|
| **Sr.No** | **Particular** | **Amount in Rs.** |
| 1. | Education/Tuition Fees | 5000-00 |
| 2. | Stationery/Material Fees | 250-00 |
| 3. | Sports and Cultural Activities Fee | 250-00 |
| 4. | Enhancing Professional Competency Fees | 250-00 |
| 5. | Library Fees | 250-00 |
| 6. | R.A.C. Fees | 2000-00 |
| | **Total** | **8000-00** |
| 7. | Practical/Instrument/Laboratories maintenance (For Microbiology, Computer, Physical Education) | 4000-00 |
| 8. | **Total (For Microbiology, Computer, Physical Education)** | **12000-00** |

## 7. અન્ય ફી:

(1) નોંધણી ફી (એક વખત) રૂ. 1000/-

(2) કોર્સ કાર્ય ફી (પ્રથમ સેમેસ્ટર) રૂ. 1000/-

(3) થીસીસ મૂલ્યાંકન ફી (સબમિશન પર) રૂ. 5000/-

નોંધ:- પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ સેમેસ્ટર શરૂ થયાના એક મહિનાના સમયગાળામાં નિર્ધારિત ફી ચૂકવવાની રહેશે. જે વિદ્યાર્થી નિર્ધારિત સમયની અંદર ફી ચૂકવવામાં નિષ્ફળ જાય છે તે જણાવેલ તારીખ સુધી મોડાઈ ફી (Late) ભરીને પોતાનો પ્રવેશ ચાલુ રાખી શકે છે. જે વિદ્યાર્થી ફી ચૂકવવામાં નિષ્ફળ જાય છે તેનો પ્રવેશ આપમેળે રદ થઈ જશે. અભ્યાસના સમયગાળા દરમિયાન નિર્ધારિત સમયાંતરે તમામ સેમેસ્ટર ફી ચૂકવવાની રહેશે.

## 8. ગાંધી વિચાર વિસ્તારક:

**ગૂજરાત વિદ્યાપીઠ મંડળના તા. ૨૧/3/૨૦૨૫ ના ઠરાવ મુજબ ગાંધીજીના સિદ્ધાંતો આધારિત સંશોધન કરવા માંગતા મહત્તમ પાંચ Ph.D વિદ્યાર્થીઓને ગાંધી વિચાર વિસ્તારક યોજના અન્વયે માસિક રૂા. ૨૫૦૦૦/-ની નાણાકીય સહાય નિયમોને આધીન બે વર્ષ માટે મળવાપાત્ર થશે.**

**9. પીએચ.ડી. પાર્ટ-ટાઇમ મોડ દ્વારા:**

(1) શૈક્ષણિક સંસ્થાઓ/સંશોધન સંસ્થાઓ સાથે પૂર્ણ-સમય કામ કરતા ઉમેદવારોને પાર્ટ-ટાઇમ મોડ દ્વારા પીએચ.ડી. કાર્યક્રમોની મંજૂરી આપવામાં આવશે. (યુજીસીના ૨૦૨૨ના નિયમોમાં નિર્ધારિત બધી શરતો પૂર્ણ થતી હોય તો)

(2) આવા ઉમેદવારે જ્યાં કાર્યરત છે તે સંસ્થાના સક્ષમ અધિકારી પાસેથી અરજી સાથે "નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ" રજૂ કરવાનું રહેશે, જેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હોય કે:

I. ઉમેદવારને પાર્ટ-ટાઇમ ધોરણે અભ્યાસ કરવાની પરવાનગી છે.

II. તેણે/તેણીની સત્તાવાર ફરજો તેણે/તેણીને સંશોધન માટે પૂરતો સમય ફાળવવાની મંજૂરી આપે છે.

III. જો જરૂરી હોય, તો તેણે/તેણીને અભ્યાસક્રમ પૂર્ણ કરવાની ફરજમાંથી મુક્ત કરવામાં આવશે.

**B. અન્ય બાબતો:**

(1) વિદ્યાર્થીએ થીસીસ સબમિટ કરતા પહેલા ગૂજરાત વિદ્યાપીઠ હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિ દ્વારા લેવામાં આવતી "ગાંધીવિચાર મીમાંસા" પરીક્ષા પાસ કરવી આવશ્યક છે.

(2) વિદ્યાપીઠમાં પીએચ.ડી. ના અભ્યાસક્રમમાં તૈયાર કરેલ શોધનિબંધ પર વિદ્યાપીઠનો અધિકાર રહેશે. જમા કરાવેલ શોધનિબંધ/શોધનિબંધના કોઈપણ ભાગનું પ્રકાશન વિદ્યાપીઠની પૂર્વમંજૂરી મેળવ્યા બાદ જ થઈ શકશે.

(3) પીએચ.ડી. કાર્યક્રમમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારે પૂર્ણ-સમયના છ મહિનાના ફરજિયાત કોર્સવર્કનું વર્ગકાર્ય કરવું પડશે અને ત્યારબાદ લેખિત પરીક્ષા આપવી અને ઉત્તીર્ણ થવાનું રહેશે. કોર્સવર્ક પરીક્ષા માટે શિક્ષણનું માધ્યમ ગુજરાતી/હિન્દી/અંગ્રેજી રહેશે.

# ગૂજરાત વિદ્યાપીઠ